DATE :- 15-11-2025

DIVYA BHASKAR, PAGE - 02, SURAT

### સ્ટેશન માટે એન્ટ્રી-એક્ઝિટ સહિતની કામગીરી કરાશે

# જહાંગીરાબાદ, અડાજણ, કાપોદ્રામાં મેટ્રો માટે 2157 ચોમી જગ્યા ફાળવાઈ

### પાલિકાને એડવાન્સ ભાડા પેટે 8.17કરોડની આવક થશે

ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિપોર્ટર | સુરત

મેટ્રોના બીજા તબક્કાની કામગીરી માટે પાલિકાએ GMRCને જમીન-પ્લોટોની ફાળવણી કરી હતી, જે મુજબ જહાંગીરાબાદ, અડાજણ, કાપોદ્રા ખાતે વધુ જમીન ફાળવાશે. મેટ્રો સ્ટેશન માટે એન્ટ્રી-એક્ઝીટ, એન્સીલરી બિલ્ડીંગ તથા વીજ પુરવઠા માટે રીસીવિંગ સબ-સ્ટેશન માટે એલોટમેન્ટ લેટર જારી કરવા કમિશનર શાલિની અગ્રવાલે મંજૂરી આપી છે. નિયમો મુજબ કુલ 2157 ચોમી. જગ્યા ફાળવવાથી એડવાન્સ ભાડા પેટે 8.17 કરોડ આવક થશે.

## આ જમીનોની ફાળવણી કરવામાં આવી

- ઉગત મેટ્રો સ્ટેશન માટે ટીપી સ્કીમ નં. 42 (જહાંગીરાબાદ) વિસ્તારમાં 170 ચોરસ મીટર જમીન
- પાલનપુર મેટ્રો સ્ટેશન માટે ટીપી સ્કીમ નં. 13 (અડાજણ) વિસ્તારમાં 1128 ચોરસ મીટર જમીન
- કાપોદ્રા મેટ્રો સ્ટેશન માટે ટીપી સ્કીમ નં. 16 (કાપોદ્રા)માં એન્ટ્રી-એક્ઝીટ અને એન્સીલરી બિલ્ડીંગ માટે 859 ચો.મી. તથા રીસીવિંગ સબસ્ટેશન માટે 2862 ચો.મી. જમીન ફાળવવામાં આવી છે.